# દૂધસાગર ડેરી

**મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ**

પોસ્ટબોકસ નં.૧, હાઇવે રોડ, મહેસાણા - ૩૮૪૦૦૨. ફોન નં. ૦૨૭૬૩-૨૫૩૨૦૧, ફેક્સ-૨૫૩૪૨૨


## <u>ઇન્સ્યુલેટેડ વાહન દ્વારા દૂધ અને દૂધની બનાવટોના FOR ધોરણે રૂટ પરિવહન – વિતરણ કોન્ટ્રાક્ટ અંગેનું જાહેરનામું</u>

૫૦૦ ક્રેટ પરિવહન ક્ષમતા મુજબના ઇન્સ્યુલેટેડ વાહન મારફત દૂધસાગર ડેરી – પાટણ ખાતે થી સૂચના મુજબના દૂધ, છાશ, દહીં, ફ્લેવર્ડ મિલ્ક તથા દૂધની અન્ય બનાવટો ક્રેટ/કેન/બોકસ/ટીન FOR રૂટ (પાટણ – બાસ્પા- શંખેશ્વર- પાટણ) ના નિયત કેન્દ્ર /મથક ઉપર સમયસર પહોચાડવાની તેમજ ત્યાંથી ખાલી ક્રેટ દૂધસાગર ડરી - પાટણ ખાતે સમયસર પરત જમા કરવા સુધીની કામગીરીનો કોન્ટ્રાક્ટ કામગીરી ચાલુ કર્યા તારીખ થી તા.૧૫.૦૫.૨૦૨૭ સુધી આપવાનો હોઈ, ઉપરોક્ત સદર કામગીરમાં રસ તેમજ જરૂરી ક્ષમતા મુજબનું ઇન્સ્યુલેટેડ વાહન ધરાવતા ટ્રાન્સપોર્ટરો પાસેથી બંધ કવરમાં પ્રતિ ટ્રીપના ભાવ મંગાવવામાં આવે છે. ભાવપત્રક દૂધસાગર ડેરી મહેસાણા ખાતે તા.૨૮.૦૨.૨૦૨૫ ના રોજ ૧૬:૦૦ કલાક સુધી જમા કરાવવાનું રહેશે. બંધ કવર પર **<u>"દૂધ અને દૂધની બનાવટોના FOR રૂટ પરિવહન – વિતરણની કામગીરીનું ટેન્ડર"</u>** તેમ લખવું. સદર ટેન્ડર તેમજ ટેન્ડર અંગેની વધુ માહિતી સંઘની ડેરી વેબસાઈટ www.dudhsagardairy.coop ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. ટેન્ડરની સાથે ટેન્ડર ફી પેટે રૂપિયા ૧૧૮૦/- અને ટેન્ડર ઈ.એમ.ડી. પેટે રૂપિયા ૫૦,૦૦૦/- ના "Mehsana District Cooperative Milk Producers Union Ltd., Mehsana ના નામના બન્ને ડીમાન્ડ ડ્રાફ્ટ ફરજીયાત જોડવાના રહેશે. અધુરી વિગતવાળું ટેન્ડર રદ ગણવામાં આવશે.

સદર ટેન્ડરને કોઈપણ જાતનું કારણ આપ્યા સિવાય મંજૂર અથવા નામંજૂર કરવાનો તથા નેગોશિયેશન કરવાનો અબાધિત અધિકાર સંઘના ઇન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટરશ્રીને રહેશે.

ઇન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટર

**મહેસાણા જિ.સ.દૂ.ઉ.સંઘ.લિ.,મહેસાણા**

નં.એડમીન/૬૧૨૫

તા. ૧૯.૦૨.૨૦૨૫

નોટીસ બોર્ડ : ઓફીસ / ડેરી – ફેક્ટરી

ટ્રાન્સપોર્ટર ના સહી સિક્કા

<u>પરિશિષ્ટ-૧</u>

## ઇન્સ્યુલેટેડવાહન દ્વારા અમૂલ/સાગર દૂધ, છાશ, દહીં અને દૂધની અન્ય બનાવટોના પરિવહન કોન્ટ્રાક્ટ માટે FOR રૂટની માહિતી

| રૂટ | રૂટની વિગત | રૂટના અંદાજીત કી.મી | વાહનની કેપેસીટી (૧૨ લીટરના ક્રેટ મુજબ) | પ્રતિ ટ્રીપ ભાવ બધું મળીને (રૂ) |
|---|---|---|---|---|
| FOR | પાટણ – બાસ્પા -શંખેશ્વર - પાટણ | ૧૬૦ | ૫૦૦ | |

**નોધ** : ઇન્સ્યુલેટેડ વાહનનું મોડલ : ૨૦૧૫ કે તે પછીનું હોવું જરૂરી છે એક રૂટની અંદર નોધાયેલ આપનું વાહન બીજારૂટમાં ઉપયોગમાં લઇ શકાશે નહિ તેમજ વાહન માલિકીનું હોવું જરૂરી છે .

ઇન્સુલેટેડ વિહિકલ નંબર :.(૧)...................................

ઇન્સુલેટેડ વિહિકલની કેપેસીટી (ક્રેટમાં) : (૧)............................

ઇન્સુલેટેડ વિહિકલ ફૂડ લાઈસંશ (FASSI) નંબર :................................છેલ્લી તા...................

**ટ્રાન્સપોર્ટનું નામ :.....................................................**

**ટ્રાન્સપોર્ટરનું નામ : .........................................................**

**સરનામું :..............................................**

**................................................**

**................................................**

**મોબાઈલ નં. ..................................**

ટ્રાન્સપોર્ટર ના સહી સિક્કા

નોધ :-

૧. વાહન જેની માલિકીનું હશે તેઓના નામે જ ઓફર સ્વીકારવામાં આવશે, પરંતુ જો ભાગીદારી હશે તો ઓફર ફોર્મમાં સ્પષ્ટ જણાવવું જરૂરી છે અને ભાગીદારી કરારની નકલ ફરજીયાત ફોર્મ સાથે બીડવી.

૨. ઓફર ફોર્મમાં સાચી હકીકત જાહેર કરેલ નહિ હોવાનું પાછળથી જણાશે તો ઓફર નામંજુર કરવાને પાત્ર ગણાશે.

૩. ઓફર ફોર્મ રજૂ કર્યાની તારીખ અગાઉ ઓફર ભરનાર વાહનની માલિકી ધરાવતા હોવા જોઈએ અને તે વાહનની ઓફર એક ગાડી દીઠ એક રૂટ માન્ય રહેશે.

૪. રૂટ તથા વિતરણ કેન્દ્રોની માહિતી અંગે વેચાણ વિભાગનો સંપર્ક સાધવાનો રહેશે

૫. ટેન્ડર ભરતી વખતે ગાડીના કાગળ સાથે જોડવાના રહેશે.

૬. ટેન્ડર ફોર્મ ભરતી વખતે કોન્ટ્રાક્ટની શરતો વાંચી, દરેક પાના ઉપર સહી કરવાની રહેશે. ટેન્ડર ચેક –ચાક કર્યા સિવાય સાફ સુતરા અક્ષરોમાં ભરવાનું રહેશે.

ટ્રાન્સપોર્ટર ના સહી સિક્કા

## મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. દૂધસાગર ડેરી,મહેસાણા – ૩૮૪૦૦૨

ઇન્સ્યુલેટેડ વાહન દ્વારા દૂધ અને દૂધની બનાવટોના FOR ધોરણે રૂટ પરિવહન - વિતરણ ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટની શરતો

૧ આ શરતો ઇન્સ્યુલેટેડ વાહન દ્વારા એફ.ઓ.આર. (FOR) ધોરણે રૂટ દૂધ પરિવહન - વિતરણના ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટની શરતો તરીકે ઓળખાશે. શરતોમાં જ્યાં "સંઘ" શબ્દનો ઉપયોગ કરવામાં આવેલ છે ત્યાં "મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ." મહેસાણા સમજવું.

૨ સદર કામગીરીના કોન્ટ્રાક્ટનો સમયગાળો કામગીરી ચાલુ કર્યા થી તા.૧૫.૦૫.૨૦૨૭ સુધીનો રહેશે. તેમજ સંઘની જરૂરિયાત પ્રમાણે તેનો સમયગાળો ટૂંકાવી/લંબાવી શકાશે. જેનો અધિકાર સંઘના ઇન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટરશ્રીને અબાધિત રહેશે. કોન્ટ્રાક્ટ સમયગાળા દરમ્યાન સંઘને કામગીરીમાં સંતોષ ન જણાય તો યોગ્ય અથવા તાત્કાલિક સમયની નોટીસ આપી અથવા કોઇપણ વખતે, વગર નોટીસે પણ સંઘ તાત્કાલિક આ કોન્ટ્રાક્ટ રદ કરી ડીપોઝીટ જપ્ત કરી શકશે અથવા રૂટ પણ બદલી શકશે. સંઘને જરૂર જણાયેથી પરસ્પર સહમતી થી કોન્ટ્રાક્ટ આગળ લંબાવવામાં આવશે.

૩ કામગીરીનો ઓર્ડર મળતાં ટેન્ડર ઈ.એમ.ડી. પેટે આવેલ રૂપિયા ૫૦,૦૦૦/- સિક્યુરિટી ડીપોઝીટ સંઘમાં વ્યાજમુક્ત જમા રહેશે. જે કામગીરી સંતોષકારક પૂર્ણ કર્યેથી જરૂરી કાગળો સાથે આપની માગણી આવતાં એક માસની અંદર પરત કરવામાં આવશે.

૪ આપનું સાધન યોગ્ય રીતે ઇન્સુલેટેડ કરેલ હોવું જરૂરી છે જેથી કરીને દૂધ / છાછ કે દૂધની અન્ય પેદાશ એક સ્થળ પરથી બીજા સ્થળ સુધી પહોચાડવામાં સરળતા રહે તેમજ દૂધ / છાછ કે દૂધની અન્ય પેદાશના તાપમાનમાં યોગ્યતા જળવાઈ રહે. **દૂધ અને દૂધની પેદાશોના લોડીંગ માટે આવતું આપનું વાહન સંપૂર્ણ સાફ – સફાઈ કરીને ડોક પર લાવવાનું રહેશે . આપના વાહનમાં GPRS (જી.પી.આર.એસ.) સિસ્ટમ ફરજીયાત ફરજીયાત લગાવાની રહેશે તેમજ સેલ્સ વિભાગની સુચના પ્રમાણે ઉપયોગ કરવાનું રહેશે.**

૫ રાત્રે /સવારે અને જરૂર પડે તો બપોરે એક /બે ટાઈમ દૂધ /છાછ /દહીં તેમજ સંઘ દ્વારા અન્ય જે પ્રોડક્ટ્સ આપે તેનું દૂધસાગર ડેરી – પાટણ ડોક પરથી નિયત કરેલ સમય અને જગ્યાએ ક્રેટ /કેનમાં બાસ્પા શંખેશ્વર – રૂટમાં સંઘના જણાવ્યા મુજબના મથકો /કેન્દ્રો એ પહોચાડવાના રહેશે. આપના વાહનમાં સંઘ દ્વારા લોડ કરવામાં આવેલ વસ્તુઓ જે તે રૂટના મથકો /કેન્દ્રો સુધી પહોચે ત્યાં સુધીમાં કોઈપણ ચીજ વસ્તુઓ ખોવાય , ઢોળાય, અગર તૂટફૂટ થાય તો તે સર્વે નુકશાનની જવાબદારી ટ્રાન્સપોર્ટર તરીકે આપની રહેશે.સદર નુકશાનીની રકમ ઉપરાંત સંઘ દ્વારા નક્કી થાય તે પેનલ્ટી આપના બીલ અથવા ડીપોઝીટ કે સંઘ ખાતે ચાલતા આપના અન્ય કોન્ટ્રાક્ટના બીલ/ડીપોઝીટમાંથી સંઘ કપાત કરી શકશે.

૬ સંઘના અંદાજ મુજબ દરેક મથકો /કેન્દ્રોનું ઓછું, સરેરાશ અને મહત્તમ ક્રેટ ક્ષમતા વત્તા ૧૫% વધારે કેપેસીટી મુજબનું ઇન્સ્યુલેટેડ વાહનની વ્યવસ્થા /બાહેંધરી આપવાની કે મુકવાની રહેશે. **અચાનક**

ટ્રાન્સપોર્ટર ના સહી સિક્કા

**દૂધ/છાછ ના ક્રેટનો જથ્થો વધવાની પરિસ્થિતિમાં સેલ્સ વિભાગની સુચના મુજબ કામચલાઉ અન્ય વાહનની વ્યવસ્થા ટ્રાન્સપોર્ટરે કરવાની રહેશે.**

૭ દૂધ વિતરણ માટે સંઘના ડોક પરથી છાછ,દૂધ, દહીંના ક્રેટ તથા કેન વાહનમાં ભરવા માટે તેમજ નિયત કરેલા મથકો /કેન્દ્રો પર તેમજ નવીન ખોલવામાં આવતાં મથકો /કેન્દ્રો પર ક્રેટ તથા કેન ઉતારવા તેમજ જે તે મથકો /કેન્દ્રો ઉપર વિતરણની કામગીરી પૂર્ણ થયા બાદ જેતે મથકો /કેન્દ્રો થી ખાલી ક્રેટ /કેન વાહનમાં પરત દૂધસાગર ડેરી - પાટણ ડોક ખાતે **સવારના ૧૧:૦૦૦ વાગ્યા પહેલાં સમયસર** જમા કરવાની તમામ જવાબદારી ટ્રાન્સપોર્ટર તરીકે આપની રહેશે. સંઘના ડોક ઉપરથી દૂધના ભરેલા કેન અને દૂધ/છાછના ક્રેટ વગેરે લેતાં તેમજ ખાલી ક્રેટ /કેન સંઘના ડોક ઉપર પરત કરતી વખતે જો કોઈપણ જાતની ગેરરીતી માલુમ પડશે તો તેની સપૂર્ણ જવાબદારી ટ્રાન્સપોર્ટર તરીકે આપની રહેશે અને સંઘ તે માટે જે કઈ દંડ નક્કી કરે તે ભરવાનો રહેશે.

૮ ડોક ઉપરથી લીધેલ તમામ માલ ચેક કર્યા પછી જ લેવાનો /મુકવાનો રહેશે. ત્યારબાદ માલ વધઘટ તથા તૂટ- ફૂટની તમામ જવાબદારી ટ્રાન્સપોર્ટર તરીકે આપની રહેશે.

૯ સંઘ કોઈપણ કારણસર દૂધ વિતરણ કેન્દ્ર સંચાલકોને દૂધ આપવાનું બંધ કરશે અથવા તે રૂટના સ્થળો /કેન્દ્રો અન્ય રૂટમાં ટ્રાન્સફર કરશે તો તેવા સંજોગોમાં આપને સોંપેલ સદર રૂટની કામગીરી આપોઆપ રદ થશે તેવા સંજોગોમાં સંઘ તરફથી કોઇજ પ્રકારનું વળતર કે ભાડું ચુકવવામાં આવશે નહિ. આપેલ રૂટ કામગીરી થી ૧૦ કિલોમીટરની (બન્ને બાજુના થઇ) અંદર સંઘ દ્વારા કોઈ નવીન મથકો/કેન્દ્રોમાં પણ વિતરણ માટેની વ્યવસ્થા કોઇજ પ્રકારના ભાડા વધારા સિવાય આપે કરવાની રહેશે. જો અંતર ૧૦ કી.મી. થી વધારે હશે તો પરસ્પરની સમજુતીથી ભાડાની રકમ નક્કી કરવામાં આવશે. તેમજ દૂધ વિતરણ મથકો /કેન્દ્રો સ્થળોએ વાહન જઇ શકતું ન હોય ત્યાં નાં વાહનની વ્યવસ્થા ટ્રાન્સપોર્ટર તરીકે આપે કરવાની રહેશે.

૧૦ સંઘની રજા (પરવાનગી) સિવાય રૂટ ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટર કોઈપણ શખ્સ કે બીજો કોઈ માલ સામાન સંઘમાં રોકેલ વાહનમાં લઇ જઇ શકશે નહિ કે લાવશે નહિ.

૧૧ કોન્ટ્રાક્ટમાં મુકેલ આપના વાહનનું રસ્તામાં બ્રેકડાઉન થાય અથવા તો બગડે તો તેવા સંજોગોમાં આપે તત્કાલીન તેટલા ક્રેટની કેપેસીટીવાળા અન્ય બીજા વાહનની વ્યવસ્થા કરી માલસામ જેતે સ્થળે સહી સલામત પહોચાડવાનો રહેશે. પરિવહન દરમ્યાન થયેલ માલ સામાનની નુકસાની અથવા તો ઘટની રકમ આપના બીલ /ડીપોઝીટની રકમમાંથી સંઘ વસુલી શકશે.

૧૨ સંઘમાંથી પહોચાડવાની તેમજ લાવવા સારૂ આપવામાં આવતી જરૂરી વસ્તુઓ પહોચાડી/લાવી સહી સાથેની પાવતી રજુ નહિ કરી હોય તો તે વસ્તુની કિંમત બેવડી કિંમત સુધીનો દંડ કરવાનો અધિકાર સંઘને રહેશે.

ટ્રાન્સપોર્ટર ના સહી સિક્કા

૧૩ આપના વાહન અથવા તો ડ્રાઈવરને કોઈપણ પ્રકારના નુકસાનની સંપૂર્ણ જવાબદારી ટ્રાન્સપોર્ટર તરીકે આપશ્રીની રહેશે. ટ્રાન્સપોર્ટરે દૂધ /છાછ અન્ય પ્રોડકટ્સનું પરિવહન કરવા દૂધ /છાછ તેમજ અન્ય પ્રોડકટ્સના જથ્થાનો વીમો લેવાનો રહેશે પરંતુ ટ્રાન્સપોર્ટર તરીકે આપની વિનંતી થી સંઘ પણ જરૂરી વીમો લઇ શકશે. પરિવહન સમયગાળા દરમ્યાન માલસામાન થી ભરેલ આપના વાહનને આગ, માર્ગ અકસ્માત તોફાનો,ધરતીકંપ, અતિવૃષ્ટિ કે અન્ય રીતે નુકશાન થશે તો થયેલ માલસામાનની નુકશાની આપે (ટ્રાન્સપોર્ટરે) ભરપાઈ કરવાની રહેશે. આવી નુકશાનીની રકમ ટ્રાન્સપોર્ટરે દિન -૨૦ માં ભરપાઈ કરવાની રહેશે. જો તેમ કરવામાં કસુર થશે તો સંઘ આ રકમ આપના બીલ અથવા સંઘમાં જમા આપની ડીપોઝીટ કે સંઘ ખાતે ચાલતા આપના અન્ય કોન્ટ્રાક્ટ ના બીલ /ડીપોઝીટ ની રકમમાંથી વસુલ કરી શકશે. જે અંગે આપ કોઈ વાંધા અરજી કરી શકશો નહી. કોઈપણ પ્રકારના અકસ્માતની સંપૂર્ણ જવાબદારી આપની રહેશે. સંઘ કોઈપણ પ્રકારના નુકશાન કે જાનહાની માટે જવાબદાર રહેશે નહિ.

૧૪ આપના કોન્ટ્રાક્ટમાં કામગીરીમાં રોકાયેલ કામદાર, ડ્રાઈવર, કંડકટર, કે ક્લીનર વિગેરેની નિમણુંક સરકારશ્રીના ધારા – ધોરણ મુજબ કરવાની રહેશે, તેમજ તેમને ચુકવવામાં આવતા વેતન તથા હક્ક – હિસ્સાની સંપૂર્ણ જવાબદારી ટ્રાન્સપોર્ટર તરીકે આપની રહેશે.

૧૫ સદર કોન્ટ્રાક્ટ દરમ્યાન કામગીરી સાથે સંકળાયેલ આપના ટ્રક ડ્રાઈવર/ક્લીનર / કંડકટર ના અકસ્માત, બીમારી, વીમાની તમામ જવાબદારી આપની રહેશે. સંઘની કોઇજ પ્રકારની જવાબદારી રહેશે નહિ.

૧૬ ટ્રાન્સપોર્ટરશ્રીએ વાહન ઉપર રોકાયેલ કર્મચારી કે મજુરોના નામ/સરનામા વખતો વખત સંઘને આપવાના રહેશે અને જયારે તેમાં ફેરફાર થાય ત્યારે તેમના નામ અને સરનામાની લેખિત જાણ સંઘને કરવાની રહેશે. વાહન સાથેના દરેક સ્ટાફને ડ્રેસ અને ઓળખપત્ર સંઘ નક્કી કરે તેમ ટ્રાન્સપોર્ટરશ્રીએ પોતાના ખર્ચે કરાવી આપવાના રહશે. જો નક્કી કરેલ મજુરોની સંખ્યા ગાડીમાં હાજર નહી હોય તો મજુર દીઠ રૂ. ૫૦૦/-પ્રતિદિન પેનલ્ટી કપાત કરી શકશે. ફક્ત સંઘને જાણ કરેલ નામવાળા જ મજુરો વાહન સાથે રહી દૂધ વિતરણ કરી શકશે.

૧૭ સદર કોન્ટ્રાક્ટ દરમ્યાન આપના વાહન ઉપર રોકાયેલ ડ્રાઈવર, કંડકટર, કે ક્લીનર નો પગાર, પી.એફ., રજાઓ, બોનસ, વિગેરેની લેબર કોન્ટ્રાક્ટના કાયદાઓ મુજબની જવાબદારી આપના શીરે રહેશે. સદર રકમ કોન્ટ્રાક્ટર તરીકે આપ કોઈપણ કારણોસર/સંજોગોવસાત ભરવામાં નિષ્ફળ જશો તો આપના બીલમાંથી તેટલી રકમ કપાત કરી કાયદેસર રીતે સંઘ સરકારી ખાતામાં ભરી શકશે., અને આ બાબતમાં આપ (કોન્ટ્રાક્ટર) કોઈપણ જાતનો વાંધો લઇ શકશો નહિ, તેમજ આપના કોન્ટ્રાક્ટને અનુલક્ષી ભવિષ્યમાં પણ આ અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેની સંપૂર્ણ જવાબદારી આપની રહેશે.

૧૮ કોન્ટ્રાક્ટમાં મુકેલ આપના વાહનથી કે આપના કોન્ટ્રાક્ટમાં રોકેલ માણસો (ડ્રાઈવર/કંડકટર/ક્લીનર) થી સંઘની મિલ્કત કે અન્ય કોઈના જાન કે માલને નુકશાન થશે તો તે અંગેની તમામ જવાબદારી ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટર તરીકે આપની રહેશે. આવા સંજોગોમાં જો કોઈ ફોજદારી કે દીવાની જવાબદારીઓ ઉભી થાય તો તે અંગે સંઘની કોઈ જવાબદારી રહેશે નહિ.

ટ્રાન્સપોર્ટર ના સહી સિક્કા

૧૯ આપના વાહન સાથે રોકાયેલ ડ્રાઈવર /કંડકટર તેમજ વાહન પરનો સ્ટાફ જો અસભ્ય વર્તન દાખવશે તો તેવા કિસ્સામાં સંઘ તરફથી આવા સખ્શને સંઘના કમ્પાઉન્ડમાં આવવાની મનાઈ કરશે અથવા તેને છૂટા કરવા સહિતની જે કોઓ સુચના સંઘ તરફથી આપને (ટ્રાન્સપોર્ટરને) આપવામાં આવે તેનો તુરંત અમલ કરવાનો રહેશે જો તેનો અમલ નહિ થાય તો માસિક ભાડા ની રકમ જેટલો દંડ કરવામાં આવશે જે આપના બીલ /ડીપોઝીટ કે સંઘ ખાતે ચાલતા આપના અન્ય કોન્ટ્રાક્ટના બીલ /ડીપોઝીટમાંથી કપાત કરવામાં આવશે.

૨૦ કોન્ટ્રાક્ટ સમય દરમ્યાન આપ (ટ્રાન્સપોર્ટર) નિયત કરેલ વાહન સંઘની મંજુરી સિવાય વેચી શકશો નહિ. સદર કામગીરી આપ સંઘની પૂર્વ લેખિત મંજુરી સિવાય કોઈના નામે તબદીલ કરી શકશો નહિ કે અન્ય કોઈને પેટા કોન્ટ્રાક્ટ તરીકે આપી શકશો નહિ. કોન્ટ્રાક્ટ તબદીલ કરવાના કિસ્સામાં કોન્ટ્રાક્ટ શરૂ થયેથી એક માસમાં જે ટ્રાન્સપોર્ટરની અરજી મળેલ હશે તેને જ આવી પરવાનગી આપતાં સંઘ જે શરતો મુકરર કરે તે શરતો પાળવા ટ્રાન્સપોર્ટર અને જે શખ્સના નામે રૂટ તબદીલ થયેલ હશે તે પાળવા બંધાયેલ રહશે. આવી તબદીલી અંગે પરવાનગી માંગતા પહેલા ટ્રાન્સફર ફી રૂ!. ૧૦,૦૦૦/-(અંકે રૂપિયા દસ હજાર પુરા) + જી.એસ.ટી સંઘમાં ટ્રાન્સફર ફી તરીકે જમા કરાવવાના રહશે. પરવાનગી નામંજુર થાય તો ટ્રાન્સફર ફી પરત કરવામાં આવશે. રૂટ કોન્ટ્રાક્ટર ડીપોઝીટ સાથે રૂટ ટ્રાન્સફર થશે તેમજ મૂળ ટ્રાન્સપોર્ટર ની તમામ જવાબદારી જે શખ્સનાં નામે કોન્ટ્રાક્ટ ટ્રાન્સફર થયો હશે તેની રહેશે. ટ્રાન્સપોર્ટર અગર તો જેના નામે કોન્ટ્રાક્ટ તબદીલ થવા પરવાનગી આપવામાં આવી હશે તેજ વ્યક્તિ સંઘ સાથે વ્યવહાર કરી શકશે.

૨૧ આપના કોન્ટ્રાક્ટના બીલ પેટે કોઈપણ રકમ સંઘ તરફથી એડવાન્સ આપવામાં આવશે નહિ.

૨૨ વિહિકલ ભાડું, ટોલ ટેક્ષ અથવા તો કોઈપણ જાતની રકમ વાહન ડ્રાઈવરને અત્રેથી રોકડમાં ચુકવવામાં આવશે નહી, પરંતુ બીલ સાથે ટોલ ટેક્ષ ભર્યાની પાવતી રજુ કરતાં ટોલ ટેક્ષ ચૂકવવામાં આવશે. આપે દર ૧૫ દિવસે રૂટ પરિવહન – વિતરણનું બીલ મુકવાનું રહેશે.જેનું પેમેન્ટ આપનું બીલ મળ્યાથી ૧૫ દિવસમાં કરવામાં આવશે. આપના બિલમાંથી સરકારશ્રી ના નિયમ મુજબ કપાત કરવામાં આવશે.

૨૩ આપે (ટ્રાન્સપોર્ટરે) વાહનનો તમામ પ્રકારનો ટેક્ષ ભરવાનો રહેશે તથા જરૂરી વિમો લેવાનો રહેશે અને જો અકસ્માતના સંજોગોમાં કોઈનું મૃત્યુ અથવા ઇજા થાય તો તેની સઘળી જવાબદારી ટ્રાન્સપોર્ટર તરીકે આપની રહેશે. માલ પરિવહનમાં માલના જોખમને સંપૂર્ણ આવરી લેતાં વીમા પોતાના ખર્ચે લેવાનો રહેશે અને તેના જરૂરી કાગળો સંઘમાં રજૂ કરવાના રહેશે

૨૪ ભાગીદારી પેઢીના નામે કોઈ ટેન્ડર ભર્યું હશે તો ટેન્ડર રજુ કરતી વખતે ભાગીદારી લેખની ખરી નકલ તથા ભાગીદારીના પૂર્ણ નામ – સરનામાની વિગત રજુ કરવાની રહેશે. ભાગીદારી પેઢી વતી જે વ્યક્તિને અધિકાર આપવામાં આવ્યો હશે તે વ્યક્તિ સાથેજ સંઘ તમામ વ્યવહાર કરશે.તે સિવાય બીજી કોઈ વ્યક્તિ સાથે વ્યવહાર કરવામાં આવશે નહિ. કોન્ટ્રાક્ટ સમયગાળા દરમ્યાન ભાગીદારીના પેઢીના માળખામાં જો કોઈ ફેરફાર થાય તો તેની લેખિત જાણ દિન – ૦૩ માં સંઘને કરવાની રહેશે અને જરૂર પડે નવો ભાગીદારી લેખ અગર ભાગીદારી છૂટી કરવાનો લેખ અગર બીજા લેખો જે થયા હોય તેની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

ટ્રાન્સપોર્ટર ના સહી સિક્કા

૨૫ સંઘના કમ્પાઉન્ડમાં આવતું આપનું વાહન નિયત વેગ મર્યાદા કરતાં વધુ ઝડપે દોડાવાનું રહેશે નહિ. આપનું વાહન નિયત કરેલ જગ્યાએ પાર્ક કરવાનું રહેશે. ઉપરોક્ત બન્ને પરિસ્થિતિ ભંગ બદલ રૂપિયા ૧૦૦/- દૈનિક દંડ કરવામાં આવશે.

૨૬ સંઘ દ્વારા લખેલ ટપાલ રૂટ કોન્ટ્રાક્ટર તરીકે આપના ડ્રાઈવર /કંડકટર અથવા આપના દ્વારા વાહનમાં રોકેલ કોપણ કર્મચારીની સહી લઇ આપવામાં આવશે, જે આપને (ટ્રાન્સપોર્ટર) ને મળ્યા બરાબર ગણાશે અને આવી ટપાલ જેતે સમયે જેતે રૂટમાં તેના નામ – સરનામે પહોચાડવાની રહેશે. અને મળ્યા બદલની પહોંચ સંઘમાં જમા કરાવવાની રહેશે .

૨૭ કોન્ટ્રાક્ટ સમય દમ્યાન આપના કામદાર, ડ્રાઈવર કે ક્લીનર સંઘની કોઈ પણ વસ્તુ કે પેદાશ ચોરીના ઈરાદે લઇ જતાં પકડાશે તો વસ્તુ કે પેદાશની દશ ગણી વસ્તુ /પેદાશ આપના લોડ કરેલ વાહનમાંથી દંડ પેટે ઉતારી લેવામાં આવ છે અથવા વસ્તુ કે પેદાશની કિંમતની દશ ગણી રકમ સંઘ ખાતે ચાલતા આપના કોન્ટ્રક્ટના બીલ /ડીપોઝીટની રકમમાંથી દંડ પેટે વસુલ લેવામાં આવછે. ગંભીર પ્રકારના ગુનામાં સંઘ આપના કોન્ટ્રાક્ટને રદ કરવા તેમજ ડીપોઝીટ જપ્ત લેવા જેવા કડક પગલાં લઇ શકશે.

૨૮ આપને દરરોજ ઇન્સ્યુલેટેડ વાહનમાં દૂધનું પરિવહન – વિતરણ કરવાનું રહેશે, તેમ છતાં ગરમીથી દૂધ ખાતું થશે / બગડી જશે તો ખાટા /બગડી ગયેલ દૂધ, છાછ અને અન્ય દૂધ પેદાશની નુકશાનીની જવાબદારી આપની (ટ્રાન્સપોર્ટરની) રહેશે. કોઈપણ ઋતુ કે સંજોગોમાં આપના વાહનમાં ભરેલ દૂધ અને દૂધની વસ્તુઓ જેતે રૂટના કેન્દ્ર /મથક સુધી સમયસર પહોચાડવાની રહેશે. જો આપને (ટ્રાન્સપોર્ટરને)સોંપેલ એકપણ રૂટ કેન્દ્ર/મથક પર દૂધ અને દૂધની વસ્તુઓ પોહ્ચાડેલ નહિ હોય તો તે દિવસનું પુરેપુરૂ ભાડું સંઘ દ્વારા ચુકવવામાં આવશે નહિ . જો કોઈ કારણોસર આપનું વાહન રૂટની કામગીરીમાં નહી આવે તો તે દિવસનું ભાડું + રૂપિયા ૧૦૦૦/-ની પેનલ્ટી આપના બીલમાંથી કપાત કરવામાં આવશે.

૨૯ જે રૂટ આપવામાં આવેલ હશે તે રૂટમાં દર્શાવેલ તમામ દૂધ વિતરકોનું વાહન નક્કી કરેલ ક્ષમતાનું મુકવાનું રહેશે.

30 કોઈપણ કારણસર આપનું વાહન મોડું પડવાથી જેતે કેન્દ્ર /મથક ઉપરથી પરત થતા દૂધ અને દૂધની પેદાશોની કિંમત આપના બીલમાંથી કપાત કરવામાં આવશે. વારંવાર આપનું સાધન મોડું પડતા પ્રતિ દિન ૧૦ મિનીટના રૂપિયા ૧૦૦/- લેખે કુલ મોડા સમયની પેનલ્ટી સંઘ વસુલ લઇ શકશે.

3૧ આપ (ટ્રાન્સપોર્ટર) જો સંઘ સાથેના કરાર પાલનમાં ચૂક કરશો તો સંઘ તાત્કાલિક આપની કામગીરીનો કોન્ટ્રાક્ટ રદ કરી શકશે તેમજ આપના (ટ્રાન્સપોર્ટરના) બીલ /ડીપોઝીટની ચુકવણી અટકાવી શકશે.

ટ્રાન્સપોર્ટર ના સહી સિક્કા

૩૨ દૂધ અને દૂધની પેદાશોના વિતરણ માટે નક્કી કરેલ સમય મુજબ આપનું વાહન સમયસર ડોક ઉપર હાજર નહિ હોયતો લેટ ચાર્જ પેટે પ્રતિ મિનીટના રૂપિયા ૧૦૦/- લેખે વસુલ લઇ શકશે.

33 કોન્ટ્રાક્ટની મુદત પૂરી થાય ત્યાં સુધી ટેન્ડરના ભાવમાં ડીઝલ ભાવવધારા સિવાય કોઈપણ જાતનો ભાવ વધારો સંઘ તરફથી આપવામાં આવશે નહિ.

૩૪ ડેરી ડોક ઉપરથી દૂધ /છાછના પાઉચ ચેક કરીને લેવાના રહેશે. દૂધ /છાછના પાઉચ ચેક કરીને લીધા પછી પાઉચ લીકેજ હશે તો તેની સંપૂર્ણ જવાબદારી ટ્રાન્સપોર્ટર તરીકે આપની રહેશે અને તેવા લીકેજ પાઉચ જેતે કેન્દ્રને ટ્રાન્સપોર્ટર તરીકે આપે મજરે આપવાના રહેશે.

૩૪ દૂધ કેન્દ્રો ઉપર ટ્રાફિકને અડચણરૂપ ન બને તેમજ અકસ્માત ન સર્જાય તે માટે જે તે કેન્દ્ર ઉપર વ્યવસ્થિત રીતે દૂધ અને છાછના ક્રેટ /કેન ઉતારવાના રહેશે. ટ્રાફી કે અકસ્માતનો પ્રશ્ન ઉપસ્તિથ થશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી રૂટ ટ્રાન્સપોર્ટર તરીકે આપની રહેશે.

૩૫ ઇન્સ્યુલેટેડ વાહનની કંડીશન એકદમ સારી અને વાહનનું મોડલ ૨૦૧૫ કે ત્યાર બાદનું હોવું જરૂરી છે. ટ્રાન્સપોર્ટરે તેમનું વાહન દરેક કેન્દ્ર સંચાલકને ત્યાં દૂધ અને દૂધની પેદાશો ઉતારવા માટે સમયસર પહોચાડવાનું રહેશે,તેમાં ટ્રાફિક અડચણ કે વાહન અંદર લઇ શકાતું ન હોય કે વિતરણ મોડું થતું હોય ત્યારે અલગથી નાના વાહનની વ્યવસ્થા કરી ટ્રાન્સપોર્ટર તરીક આપે કરવાની રહેશે. અને તેનો તમામ ખર્ચ ટ્રાન્સપોર્ટર તરીકે આપે ભોગવવાનો રહેશે.

૩૬ કોન્ટ્રાક્ટના સમય દરમ્યાન વાહન/મજુર/ડ્રાઈવર કે વાહનના અન્ય સ્ટાફ અંગે જે કોઈ સરકારી –અર્ધસરકારી નાણાંકીય જવાબદારી ઉપસ્થિત થશે તો તેવી રકમ સંઘ આપના (ટ્રાન્સપોર્ટરના) બીલ /ડીપોઝીટ કે સંઘ ખાતે ચાલતા આપના અન્ય કોન્ટ્રાક્ટના બીલ /ડીપોઝીટમાંથી કપાત કરી જે તે સરકારી વિભાગમાં સીધી જમા કરાવી શકશે.

૩૭ રાત્રીના, સવારે અને બપોરના સાંજે ખાલી ક્રેટ /કેન સંઘના ડોક ઉપર જમા કરાવવા તેમજ ધોયા વગરના અથવા ગંદા ક્રેટ /કેન અંગેની ફરિયાદ સંઘના ડોક ઉપરથી કે કેન્દ્ સંચાલકો તરફથી આવશે તો તે અંગેની ઉભી થતી તમામ જવાબદારી રૂટ ટ્રાન્સપોર્ટર તરીકે આપની રહેશે.

૩૮ વિતરણ કેન્દ્ ઉપર દૂધ /છાછ કે દૂધની અન્ય પેદાશો કેન્દ્ર ઉપર ઉતારતા સમયે મોકલેલ દૂધ/છાછ પાઉચ, કપ કે અન્ય માપ કરતાં જેટલી ઓછી વસ્તુ હશે તેની ડબલ નુકશાનીની રકમ સંઘ આપના (ટ્રાન્સપોર્ટના)બીલ /ડીપોઝીટમાંથી વસુલ કરી શકશે.

ટ્રાન્સપોર્ટર ના સહી સિક્કા

૩૯ દૂધ વિતરણની કામગીરીમાં મુકવામાં આવતા વાહનમાં તેની ચાદર તૂટેલી હશે તો તે બિલકુલ ચાલશે નહિ અને ચાદરની ઉપરના ભાગમાં કોઈપણ લોખંડનો ભાગ અથવા નાત બોલ્ટ ક્રેટ ઉતારવામાં નડતરરૂપ ન થાય તેવી રીતે ચાદર બનાવવાની રહેશે.

૪૦ ડીઝલના પ્રવર્તમાન(૧૮.૦૨.૨૦૨૫ ના) એવરેજ ભાવ રૂપિયા ૯૦.૧૭/-ધ્યાનમાં રાખી ભાવો ભરવાના રહેશે. ત્યાર બાદ કોન્ટ્રાક્ટ સમય દરમ્યાન સરકારશ્રી તરફથી જ્યારે ડીઝલના ભાવમાં વધારો કે ઘટાડો થાય ત્યારે તેની ક્યુમીલીટી ગણતરી કરતા (થયેલ વધારાની રકમમાંથી ઘટાડાની રકમ બાદ કરતાં) જે ૧૫ દિવસની એવરેજ માં તા. ૦૧ થી ૧૫ અને ૧૬ થી ૩૦/૩૧ સુધીની તારીખમાં રૂ. ૨-૦૦ પ્રતિ લીટરે કે તેથી વધુ રકમનો વધારો/ઘટાડો થશે તો તા. ૦૧ કે ૧૬ તારીખ થી મૂળ ભાવ/રેટ ના ડીઝલના ભાવમાં જયારે વધારો /ઘટાડો થતો રહેશે. ત્યારે ઉપર જણાવ્યા મુજબ ક્યુમીલીટી વધ-ઘટની ગણતરી મુજબ વધ-ઘટ મજરે આપવામાં આવશે.

૪૧ દૂધ વિતરણ કામગીરી અંગે સેલ્સ વિભાગના સ્ટાફ દ્વારા વખતો - વખત જે આદેશ કે જાણ કરવામાં આવે તેનું આપશ્રીએ (ટ્રાન્સપોર્ટરે) પાલન કરવાનું રહેશે.

૪૨ કેન્દ્ર સંચાલકોને લીકેજ દૂધ, ગંદા ક્રેટ /કેન કે અનિયમિત પરિવહન – વિતરણના કારણે જે કઈ નુકશાન થશે તે અંગેની તમામ જવાબદારી આપની (ટ્રાન્સપોર્ટરની) રહેશે. આ અંગે થયેલ નુકશાનની રકમ સંઘ આપના (ટ્રાન્સપોર્ટરના) બીલ /ડીપોઝીટમાંથી કપાત કરી જેતે કેન્દ્ર સંચાલકોને ચૂકવી શકશે.

૪૩ આપનું વાહન રૂટના સમયે મોડામાં મોડું સંઘના ડોક પર એક કલાક સુધી ઉપસ્થિત નહિ હોય તેવા કિસ્સામાં સંઘ અન્ય વાહનની વ્યવસ્થા કરી દૂધ વિતરણની પરિવહનની કામગીરી કરાવી શકશે. આવા સંજોગોમાં તે દિવસના આપના ભાડાની પુરેપુરી રકમ સંઘ કાપાત કરી શકશે તેમજ વિતરણ વ્યવસ્થા માટે ઉપયોગમાં લીધેલ અન્ય વાહનના ભાડાની રકમ પણ આપના બીલ /ડીપોઝીટમાંથી સંઘ વસુલ લઇ શકશે.

૪૪ મહેસાણા ડેરી ખાધ પદાર્થોના ઉત્પાદન સાથે સંકળાયેલ છે, તે માટે ડેરીએ આઈ.એસ.ઓ. ૯૦૦૧ અને ૧૪૦૦૧ સર્ટીફીકેટ મેળવેલ હોઈ સંઘની પ્રિમાઈસીસમાં સંઘના નીતિ નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આપના વાહનના ડ્રાઈવર /કંડકટર બીડી – તમાકુ, પાન – મસાલા, ગુટકા, દારૂ, વગેરેનું વ્યસન કરી શકશે નહી અને જો તેમ કરતા પકડાશે તો તરત જ નિયુક્ત અધિકારી દ્વારા રૂપિયા ૫૦૦/- નો દંડ વસુલ કરવામાં આવશે.

૪૫ સંઘમાં દાખલ થતું આપનું વાહન પી.યુ.સી.(પોલ્યુશન અન્ડર કન્ટ્રોલ) પ્રમાણિત હોવું જોઈએ.વાહનમાંથી ઓઈલ ટપકતું કે લીકેજ થતું હોય તો વાહનને ડેરી પરિસરમાં લાવવું નહિ. આવું વાહન ડેરી પરિસરમાં આવશે તો રૂ.૫૦૦/- દંડનીય રકમ વસુલ લેવામાં આવશે.

૪૬ જ્યારે આપનું વાહન થોભાવવાનું હોય ત્યારે એન્જીન અચૂક બંધ કરવું.

ટ્રાન્સપોર્ટર ના સહી સિક્કા

૪૭ મહેસાણા ડેરી આઈ.એસ.ઓ.૯૦૦૧, ૧૪૦૦૧,૨૨૦૦૦ : ૨૦૧૫ ની કાર્ય પધ્ધરતીનો અમલ કરતી હોઈ, ટેન્ડર મંજુર થયેથી કોન્ટ્રાક્ટરે તેમના વાહનનું ફૂડ સેફ્ટી લાઇસન્સ અને પી.યુ.સી.(પોલુંસન અંદર કંટ્રોલ) સર્ટીફીકેટ જવાબદાર એજન્સી પાસેથી મેળવી રજુ કરવાનું રહેશે અને સમયાન્તરે રીન્યુ કરેલ સર્ટીફીકેટ સંઘને આપવાનું રહેશે.આવું સર્ટીફીકેટ રજુ કરવામાં નહી આવે ત્યાં સુધી બીલ અટકાવવામાં આવશે. આઈ.એસ.ઓ. ૧૪૦૦૧ : ૨૦૧૫ અન્વયે પર્યાવરણ પધ્ધરતીની માર્ગદર્શિકા ઈ.એમ.એસ. & ISO 9001 :2015 Quality Management System (QMS) & ISO 22000 :2005 Food Safety Management System (FSMS) Standards ગાઈડ લાઈન્સ અન્વયે કોન્ટ્રાક્ટ ની કામગીરી કરવાની રહેશે.

૪૮ ટેક્ષ :– ઇન્કમટેક્ષ અથવા કોઈપણ પ્રકારના ટેક્ષ આપના ભાડાના બિલમાંથી સરકારશ્રી ના કાયદા મુજબ કપાત કરીને જ આપના બીલનું પેમેન્ટ કરવામાં આવશે.

૪૯ આપશ્રી જે ગાડી પરિવહન કામગીરી કરવા માંગતા હોઈ તો તે ગાડીનું **FSSAI** નાં નિયમ મુજબ જરૂરી લાઇસન્સ અથવાતો તે મેળવવા માટે કરેલ અરજીની નકલ ભાવપત્રક અત્રે જમા કરાવવાની રહેશે.

૫૦ ઓફર મંજુર થયાથી અમલ કરવામાં આપની ચૂકના કારણે અથવા ઓફરની શરતોનું પાલન નહિ કરવાથી સંઘને જે કઈ નુકશાન થાય તે તમામ આપે (ટ્રાન્સપોર્ટરે) ભરપાઈ કરવાનું થશે.

૫૧ ટેન્ડરમાં દર્શાવેલ વાહનની દૂધની ક્ષમતાની ચકાસણી સંઘ કરશે અને તેજ વાહનથી દૂધ પરિવહન કરવાનું રહેશે. સંઘની પૂર્વ મંજુરી વિના અન્ય વાહન મુકવામાં આવશે તો સંઘ દૈનિક ભાડાના ૧૦% દંડ વસુલ કરશે.

૫૨ ઇન્સ્યુલેટેડ વાહન અને તેની સાથેના માણસો તથા વાહનમાં મુકાયેલ માલસામાન દરેકની સ્વચ્છતા અને સફાઈની પુરતી જાળવવાની રહેશે. ગાડીની બહારની બન્ને સાઈટ તથા પાછળનો ભાગ, સંઘ તરફથી વાહન ઉપર જે કઈ પેન્ટિંગ /ડીઝાઈન વિગેરે કરાવવા જણાવે તે મુજબ પોતાના ખર્ચથી કરાવવાનું રહેશે તેમજ પ્રિન્ટીંગ કામ માટે જરૂરી આર.ટી.ઓ. ની પરવાનગી આપે લેવાની રહેશે.

૫૩ રૂટ ટ્રાન્સપોર્ટર તરીકે કોન્ટ્રાક્ટઆથી છુટા થવા માગતા હશો તો તમોએ ૬૦ દિવસ (બે માસ) અગાઉથી લેખિત જાણ સંઘમાં કરવાની રહેશે. જો તે પહેલા રૂટની પરિવહન – વિતરણની કામગીરી બંધ થવાના સંજોગોમાં વિતરણમાં થનારા નુકશાનની તમામ જવાબદારી આપની રહેશે તેમજ થયેલ નુકશાનની રકમ આપના બીલ /ડીપોઝીટ કે સંઘ ખાતે ચાલતાં આપના અન્ય કોન્ટ્રાક્ટના બીલ /ડીપોઝીટમાંથી કપાત કરવામાં આવશે.

૫૪ આ શરતોમાં જે કોઈ સુધારા – વધારા કરવાની જરૂર પડશે, તો તે સંઘ દ્વારા જ્યારે જ્યારે પણ કરવામાં આવશે ત્યારે ત્યારે તેવી તમામ શરતો આપે (ટ્રાન્સપોર્ટરે)માન્ય રાખવાની રહેશે.

૫૫ સદર કોન્ટ્રાક્ટ અંગે જાહેર હરાજી ,સૌથી ઓછા ભાવનું ટેન્ડર અથવા કોઈપણ ટેન્ડર કારણ આપ્યા સિવાય મંજૂર કે નામંજૂર કરવાનો તથા પરામર્શ કરવાનો અબાધિત અધિકાર સંઘના મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો રહેશે.

ટ્રાન્સપોર્ટર ના સહી સિક્કા

૫૬ આ કરારનામામાં અગર તો તેની શરતોના અમલ બાબતમાં સંઘ અને આપની (ટ્રાન્સપોર્ટર) વચ્ચે મતભેદ પડે ત્યારે સંઘના મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો નિર્ણય આખરી ગણવામાં આવશે, તેમ છતાં સંઘ અથવા આપની (ટ્રાન્સપોર્ટર) વચ્ચે કોઈપણ પ્રકારનો તકરારી મુદ્દો ઉપસ્થિત થાય તો "મહેસાણા કોર્ટનું" કાર્યક્ષેત્ર સૌએ માન્ય ગણવાનું રહેશે.

આથી અમો જાહેર કરીએ છીએ કે ઉપર જણાવેલ તમામ શરતો વાંચી અને સમજી છે જે અમને કબુલ છે તેમજ તે મુજબ કોન્ટ્રાક્ટની કામગીરી કરવા બંધાઈએ છીએ.

તારીખ :

ટ્રાન્સપોર્ટરનું નામ :________________________________

ટ્રાન્સપોર્ટર ના સહી સિક્કા